જામનગર મહાનગરપાલિકા - જામનગર

અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગતની ફાર્માસિસ્ટ (UPHC) અને (UCHC) તેમજ સ્ટાફ નર્સની જગ્યાઓના ડોકયુમેન્ટ વેરીફીકેશન બાબતેની સૂચનાઓ

જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા ખાતે ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત મંજુર થયેલ મહેકમ પૈકીની ફાર્માસિસ્ટ (UPHC) અને (UCHC) તેમજ સ્ટાફ નર્સ સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓની લેખિત પરીક્ષા અમદાવાદ-ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતી જેમાં સફળ થયેલ ઉમેદવારો પૈકી ઉચ્ચ મેરીટ ધરાવતા ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવાના થતા હોય જે ઉમેદવારોનું લીસ્ટ સંવર્ગ વાઈઝ જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે યાદીના તમામ ઉમેદવારો નીચેની સૂચનાઓ ખાસ ધ્યાને લેવા જાણશો.

વિગત	સ્ટાફ નર્સ	ફાર્માસિસ્ટ (UPHC) અને (UCHC)
સમય	સવારે ૦૯ : ૩૦ કલાકે	બપોરે ૦૩ : ૦૦ કલાકે
તારીખ	તા.૧૮-૧૦-૨૦૨૪, શુક્રવાર	
સ્થળ	કોન્ફરન્સ હોલ, ૨ જો માળ, ફાયર શાખા, જામનગર મહાનગરપાલિકા, લાલ બંગલા સર્કલ, જામનગર-૩૬૧૦૦૧	

--: ડોક્યુમેન્ટ વેરીફીકેશનની ઉમેદવારો માટે ખાસ સૂચનાઓ :--

(૧) જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી માત્ર ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવાના થતા ઉમેદવારોની છે. આ યાદીને આખરી નિમણુક યાદી ગણવાની રહેશે નહિ.

(૨) ઉમેદવારે આ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા જે તારીખ / સમય / સ્થળ આપવામાં આવેલ છે, તે જ તારીખ/ સમયે ઉમેદવારે હાજર રહેવાનું રહેશે. તેમાં ફેરફાર કરવાની કે પછીથી બોલાવવાની ઉમેદવારોની કોઈ પણ પ્રકારની અરજી / રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૩) **ઉમેદવારે OJAS નાં અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના તેમજ આ યાદીમાં દર્શાવેલ તમામ પ્રમાણપત્રો અસલમાં ફરજીયાત સાથે લાવવાના રહેશે, તથા દરેક પ્રમાણપત્રોની નકલ સ્વપ્રમાણિત કરીને લાવવાની રહેશે.**

(૪) જો કોઈ ઉમેદવાર તેમના નિયત કરેલ તારીખ / સમયે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી આપોઆપ રદ્ ગણવામાં આવશે અને ભવિષ્યમાં આ બાબતે કોઈ પણ પ્રકારની રજુઆત / વાંધા / વિવાદોને ધ્યાને લેવામાં આવશે નહિ.

(૫) જો ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં કોઈ ઉમેદવાર OJAS અરજી ફોર્મમાં દર્શાવેલ લાયકાત મુજબના પ્રમાણપત્રો રજુ કરવામાં નિષ્ફળ ગયેથી અથવા અરજી ફોર્મ મુજબની લાયકાત ધરાવતા નહિ હોય તો તેમની ઉમેદવારી આપોઆપ રદ્ ગણવામાં આવશે.

(૬) જો કોઈ ઉમેદવાર ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં ગેરલાયક ઠરશે તો તે આપોઆપ આ સંવર્ગની જગ્યા માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૭) માત્ર ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં ઉમેદવારને બોલાવ્યેથી તે તમામ લાયકાત સંતોષે છે અને નિમણુક માટે લાયક છે તેવું માની લેવાશે નહિ.

(૮) ડોક્યુમેન્ટ વેરીફીકેશન પૂર્ણ થયા બાદ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની કુલ જગ્યાને ધ્યાને રાખીને ઉમેદવારોની આખરી પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે.

- <u>ઉમેદવારે રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણીત નકલ)</u>

(૧) ઉમેદવારએ ભરેલ ઓનલાઇન OJAS અરજીની પ્રિન્ટ

(૨) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ તથા ડિગ્રી સર્ટીફીકેટ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબના)

(૩) ફોટોવાળું ઓળખપત્ર.(આધાર કાર્ડ,પાન કાર્ડ,ડ્રાઈવિંગ લાઈસન્સ,ચુંટણી કાર્ડ)

(૪) ધો. ૧૦ ની માર્કશીટ, કેડીટ સર્ટિફિકેટ, લીવીંગ સર્ટીફીકેટ તેમજ જન્મના દાખલામાં જન્મ તારીખ દર્શાવેલ હોય તે માન્ય ગણાશે.

(૫) જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તો)

(૬) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર

(૭) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં સિવિલ સર્જનનું નિયત નમુનાનું માન્ય પ્રમાણપત્ર.

(૮) માજી સૈનિક કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં માજી સૈનિક હોવા અંગેના આધાર પુરાવા તથા ડીસ્ચાર્જ બુક.

(૯) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુન: લગ્ન કરેલ નથી તે અંગેનું સંબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર.

(૧૦) આંતરરાષ્ટ્રીય/ રાષ્ટ્રીય/આંતર યુનિર્વસિટી ટુર્નામેન્ટ/ શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકુદ/રમતોના ખેલાડીઓના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના સરકારશ્રીનાં નિયત નમુનામાં પ્રમાણિત કરેલ જરૂરી પ્રમાણપત્ર.

(૧૧) રાજ્યસરકાર/કેન્દ્રસરકાર/સ્થાનિક સત્તામંડળ/સરકારની માલીકીના બોર્ડ-નિગમ-કોર્પોરેશનની નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેવારના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીનું "ના-વાંધા પ્રમાણપત્ર"

(૧૨) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૨ ફોટા.

નાયબ કમિશનર
જામનગર મહાનગરપાલિકા